Fumtu Lyrics

Coming Soon

More Lyrics from [Saregama Gujarati]

ફુમતું Fumtu Lyrics in Gujarati

રઢિયાળી રાત આ વીતી જાય રે
હું તારી વાટમાં ઉભી હાય રે
આવી જા આવી જા વ્હાલા
ક્યાં ગયો છું રોકાઈ

એ હા ગોરલ મારી જરા આંખો ખોલો
સામે આવે તારો સાજણ જોવો
હા ગોરલ મારી જરા સામે જોવો
પાઘલડી પેરી ઊભો

તારી બાંકી રે પાઘલડી નું ફુમતું રે
મને ગમતું રે આ તો કહું છું રે પાતળીયા તને અમથું
કે મારી બાંકી રે પાઘલડી નું ફુમતું રે
રુમઝૂમતું રે મે તો રાખ્યું છે કારણ કે તને ગમતું

જો ને બાંકી રે પાઘલડી નું ફુમતું રે
રુમઝૂમતું રે તને મળવું રે મને બઉ ગમતું

અલી તારા માટે કંઈક લાવું તું
એટલા માટે મારે મોડું થ્યું
હા તારા માટે કંઈક લાવું તું
એટલા માટે મારે મોડું થ્યું

હો આવી મીઠી વાતોમાં હું મોહી ગઈ
તારી વાટ્યું જોતા જોતા રોઈ ગઈ
હો આવી મીઠી વાતોમાં હું મોહી ગઈ
તારી વાટ્યું જોતા જોતા રોઈ ગઈ

સાવે ખોટું તારું બાનુ રે હું તો જાણું રે
આ તો કહું છું રે પાતળીયા તને અમથું

કે મારી બાંકી રે પાઘલડી નું ફુમતું રે
રુમઝૂમતું રે મે તો રાખ્યું છે કારણ કે તને ગમતું
જો ને બાંકી રે પાઘલડી નું ફુમતું રે
ભારતલીરીક્સ.કોમ
રુમઝૂમતું રે તને મળવું રે મને બઉ ગમતું

અરે મારા મનને હવે જાણી જા
માફી માંગુ ગોરલ માની જા
મારા મનને હવે જાણી જા
માફી માંગુ ગોરલ માની જા

હો મારી માટે શું લાયો કેતો ખરા
કે પછી ખોટે ખોટા કરે નખરા
હો મારી માટે શું લાયો કેતો ખરા
કે પછી ખોટે ખોટા કરે નખરા

અલી તારી માટે લાયો કડલાં રે લાયો ઝૂમખાં રે
હું તો લાયો છું બધું જે તને ગમતું

તારી બાંકી રે પાઘલડી નું ફુમતું રે
મને ગમતું રે આ તો કહું છું રે પાતળીયા તને અમથું
કે મારી બાંકી રે પાઘલડી નું ફુમતું રે
રુમઝૂમતું રે મે તો રાખ્યું છે કારણ કે તને ગમતું

જોને બાંકી રે પાઘલડી નું ફુમતું રે
રુમઝૂમતું રે તને મળવું રે મને બઉ ગમતું.

More Lyrics from Saregama Gujarati